

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પેચ નો ભોગ થનારા ઝાડ-ઝાંખરે અટકે છે,*
*નથી મળતો 'પવન' ને જંગલમાં ભટકે છે,*
*લટકે છે વીજ વાયરે જિંદગીનો દે છે ભોગ -*
*પટકે માથાં ઈર્ષાખોર, એને આકાશ ખટકે છે...*
*(વાસી ઉતરાણ)*

હાઈકુ

*આ ચગનારા!*
*નિર્દોષ - અબોલનાં -*
*કાપે છે ગળાં...*
*(મની-મસલ-પાવર)*

*શરમ વિના,*
*દોર ખેંચાય તેમ*
*ચઢો પવને...*
*(પક્ષાંતર)*

### ચિંતન

**પ્રતિકુલતામુપતે હિ વિધૌ વિફલત્વમેતિ બહુ સાધનતા ।**
**અવલંબનાય દિનભર્તુરમુન્ન પ્રતિષ્યત: કરમહસ્રમપિ ॥**

આ શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ-નશીબનો મહિમામાંથી છે :

'જયારે નશીબ વાંકા થઈ જાય - દૈવ પ્રતિકુળ હોય ત્યારે ઘણા સાધન-સુવિધા-શક્તિ હોવા છતાં પણ માણસ અશક્ય થઈ જાય છે. જેમ કે સૂર્ય જેવો સૂર્ય દેદીપ્યમાન - તેજસ્વી-શક્તિશાળી હોવા છતાં જયારે તે અસ્તાચલ પર્વત પર પડવાની શરુઆત થાય છે ત્યારે તેના હજારો હાથ (કિરણો) હોવા છતાં તે કોઈ તેને ટેકો અવલંબન આપી શકતાં નથી - ઉપયોગમાં આવતાં નથી.'

માણસ ગમે તેવો શક્તિશાળી - અબજો પતિ હોય પણ જયારે તેનાં દુષ્કર્મો ફળ આપવા પાકવા લાગે ત્યારે તેને કોઈ મદદમાં આવતું નથી. વિજય માલ્યા - મહેસ શાહ જેવા ધનપતિ જેલમાં - દેશ છોડી ભાગી જવું પડે સ્થિતિમાં મૂકાઈ ગયા છે.

### સુવિચાર

- જો તમે ખુશીનો મતલબ અને જિંદગીનો મકસદ શોધી રહ્યા છો, તો કયારેય ખુશ નહીં શકો, અને કયારેય જિંદગી શાંતિથી જીવી શકશો નહિં - **સંત રોબિન**
- જીવનની બે કરૂણ ઘટનાઓ છે, એક જેની ઈચ્છા હોય તે ન મળે અને બીજી ઈચ્છિત વસ્તુ મળી જાય - **ટોલ્સટોય**
- અશિસ્ત કોલસા જેવી છે, કોલસો ગરમ હોય તો હાથ કાળા કરે છે, અશિસ્ત કોઈ પણ રૂપમાં અયોગ્ય છે, શિસ્ત પારસમણિ જેવી છે - **હિતોપદેશ**
- આપણે જે સિસ્ટમનો વિરોદ કરતા હોઈએ, તેના જેવા ન બની જઈએ તેનું હંમેશા ધ્યાન હોવું જોઈએ - **સર જહોન વર્ગીસ**
- ફૂટપાત પર બેસીને રડવા કરતાં ફિયાટમાં બેસીને રડવું વધુ સારું - **ચંદ્રકાન્ત બક્ષી**
- તમે ખુદની આસપાસ પોતે જ બનાવેલી દિવાલો સાથે સંઘર્ષ કરી રહ્યા છે - **સદ્‌ગુરુ**
- આજનું ઔષધ : ડાબે પડખે લેટવું જમ્યા પછી ઘડીવાર । અને દિવસના ઉંઘવું જમવું ન વારંવાર ॥

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

શબ્દમાં શક્તિ છે, કોઈ પણ સારા કે નરસા શબ્દો સામેની વ્યક્તિના મન-હૃદય-વિચાર પર અસર કરે જ છે આથી જ કથા -સત્સંગ-વ્યાખ્યાન-લેખ-પુસ્તક ઘણી વાર જીવન પરિવર્તનનું કામ કરે છે.

સત્સંગ સભાનું વ્યાખ્યાન પુરું થયું સંતના વ્યાખ્યાનમાં એક નાસ્તિક યુવક આવ્યા હતા. એણે ઊભા થઈ કહ્યું, મહારાજ તમે એક કલાકથી બોલબોલ કરતા હતા. ત્યારે કોઈ ઝોકાં ખાતા હતા. કોઈ બગાસાં કોઈ શાક સમારતું હતું કોઈ 'વાટ' બનાવતું હતું. આવા વ્યાખ્યાન અને શબ્દની શી અસર થાય?

સંતે કહ્યું અરે તું મુર્ખ છો - અક્કલ વિનાનો દુષ્ટ અને ધૂર્ત છો!

યુવાન સામે ગુસ્સો થયો - કહ્યું મહારાજ તમે શું બોલો છો તેનું ભાન છે? તમે વ્યાસપીઠ પર ન હોત તો હું તમને મારતા લેત!

સંત હસી પડ્યા - કહ્યું - બેટા! જોઈને આ છે શબ્દોની અસર, જેમ ખરાબ શબ્દો એ તારામાં ક્રોધ ઉત્પન્ન કર્યો એમ ઈશ્વર સ્મરણ-શબ્દો તારામાં સારી ઉર્જા પેદા કરી શકે છે... યુવાનને 'શબ્દ' શક્તિની સમજ પડી.

# નવજોત સિદ્ધુની નવી ભૂમિકા

**તંત્રીસ્થાનેથી...**

પંજાબમાં અકાલીદળ-ભાજપની બાદલ સરકારને હેટ્રિક કરતી અટકાવવી તે કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહેલ છે. પંજાબ પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી અમરિન્દસિંહે મૂળે પટિયાલાના રાજવી પરિવારના વંશજ છે એટલે કે રાજા જ છે, પરંતુ એમની ઓળખ કેપ્ટન અમરિંદર સિંહ તરીકેની છે. વારંવાર પંજાબનું મુખ્યમંત્રીપદું સફળતાપૂર્વક સંભાળી ચૂકેલ કેપ્ટને ગત લોકસભાની ચૂંટણીમાં અમૃતસરની બેઠક પર ભાજપના વરિષ્ઠ નેતા અરુણ જેટલીને હટાવી પોતાની લોકપ્રિયતા સાબિત કરી દીધી હતી. આ બેઠક વર્ષો અગાઉ કોંગ્રેસના બુદ્ધિજીવી નેતા અને એઆઈસીસીના મહામંત્રી પ્રો. રઘુનંદનલાલ ભાટિયા જીતતા રહેલા. ભારતીય જનતા પાર્ટીએ લોકપ્રિય ક્રિકેટર નવજોત સિદ્ધુને મેદાનમાં ઉતારી અમૃતસરની પ્રતિષ્ઠાની બેઠક કબજે કરી હતી. સિદ્ધુ આ બેઠક પર ફરી ફરીને ચૂંટાતા રહ્યા હોત, પરંતુ ભાજપ માટે એના મોવડીમંડળના વરિષ્ઠ સદસ્ય અને થિન્ક ટેન્કના મોભી જેટલીને લોકસભાની બેઠક પર જિતાડવા એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો હતો, કારણ કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ત્યારે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ થયા હતા અને જેટલી પણ ગુજરાતમાંથી ચૂંટાયેલા રાજયસભાના સભ્ય હતા. ભાજપને અમૃતસરમાં મળેલી નિષ્ફળતા પાછળ નવજોત સિદ્ધુની નારાજગી પણ જવાબદાર હતી. નવજોત સિદ્ધુ ભાજપના સ્ટાર પ્રચારક તરીકે ઘણી મહત્ત્વપૂર્ણ કામગીરી બજાવતા રહ્યા હોવા છતાં એમને જયારે અમૃતસરની હોમ સીટ બદલવાનું કહેવામાં આવ્યું ત્યારે તેઓએ નારાજ થઈ ભાજપથી દૂરી બનાવવા માંડી હતી. લોકસભાની ચૂંટણીમાં અણધારી રીતે કેજરીવાલની આમ આદમી પાર્ટીને મોટી સફળતા સાંપડતાં કેજરીવાલે પંજાબ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું અને નવજોત સિદ્ધુ ઉપરાંત એમનાં ધારાસભ્ય પત્ની નવજોતકૌર સાથે ઘરોબો કેળવી આગામી વિધાનસભાની ચૂંટણીમાં આ લોકપ્રિય દંપતીને હાથ પર લેવાના પ્રયાસો હાથ ધર્યા હતા. નવજોત સિદ્ધુને અને નવજોત કૌરને શાસક અકાલીદળનું નેતૃત્ત્વ ખપતું ન હતું અને ભાજપ અકાલીદળ સાથે સંબંધ વિચ્છેદ કરી એમને જ પાર્ટીનું સુકાન સોંપે એવી ફોર્મ્યુલા પાર્ટીને મંજૂર ન હતી. આખરે નવજોત સિદ્ધુ પણ કોંગ્રેસમાં જોડાયો. કોંગ્રેસ માટે સિદ્ધુ જરૂર એક અસ્કામત બની શકે છે અને જરૂર પડ્યે પડ્યે કોંગ્રેસ એમને ઊંચું પદ પણ ઑફર કરી શકે છે. કેપ્ટન અમરિંદસિંહે કયારેક નવજોતને ઉતારી પાડતાં નિવેદનો કરીને કહ્યું હતું કે અમારે આવા વિદૂષકોની જરૂર જ નથી. પરંતુ રાહુલ ગાંધીને આદેશ પછી પંજાબના નેતાએ પણ પોતે નવજોતના ફૅન હોવાનું જણાવી એમને પાર્ટીમાં મહત્ત્વનો રોલ આપવાની તૈયારી દર્શાવી છે. આગામી દિવસોમાં નવજોત એમની આગવી શૈલીમાં અકાલીદળ-ભાજપ અને આમ આદમી વિરુદ્ધ કટાક્ષમય પ્રચાર કરશે ત્યારે પંજાબની ચૂંટણી જરૂર રસપ્રદ બની રહેશે. એટલું જ નહીં, નવજોત સિદ્ધુ ઉત્તરપ્રદેશ સહિતનાં અન્ય રાજયોમાં પણ 'ક્રાઉડ પુલર' સ્ટાર પ્રચારક તરીકેનો રોલ ભજવશે. રાજકારણમાં આવી સેલિબ્રિટીઝ ખરા સમયે જ મહત્ત્વની નીવડતી હોય છે. સિદ્ધુ માટે આ ચૂંટણી એમની કારકિર્દીનો નવો અને પડકારભર્યો વળાંક નીવડશે.

# યુએલસી એકટ ૧૯૭૬ની જોગવાઈ મુજબ ફાજલ જમીન ઉપર થયેલ બાંધકામ નિયમબધ્ધ કરવામાં આવશે



**કાયદો અને કાનૂન**
અશ્વિન ત્રિવેદી

શહેરી જમીન ટોચ મર્યાદા અધિનિયમ ૧૯૭૬ મુજબ વધારાની ફાજલ જમીન જાહેર કરવાના હુકમો ઘણા સમય પહેલા સરકાર દ્વારા કરવામાં આવેલ પરંતુ આવી જમીનો ઉપર દબાણ કરતાઓએ કાચા-પાકા ઝુંપડા તથા મકાનો બનાવી ઘણા લાંબા સમયથી વસવાટ કરતા હોવાનું તથા આવા દબાણ દૂર નહિ કરવા તેમજ નિયમબધ્ધ કરવા સરકારશ્રીમાં તેમજ કોર્ટ કચેરીમાં દાવાદુવી અને અરજીઓ ઘણા લાંબા સમયથી પડતર હતી જેનો હાલની સરકારે આવા દબાણો નિયમબધ્ધ કરવા પ્રિમિયમની રકમ સરકારમાં ભરપાઈ કરવા પરિપત્ર બહાર પાડેલ છે. જે મુજબ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર જેવા વિવિધ શહેરમાં કુલ ૩૮,૮૮,૩૭૪ ચો.મી. જમીનમાં અંદાજીત ૭૦,૦૦૦ જેટલા કુટુંબોનો ગેરકાયદેસર વસવાટ હોવાનું જાહેર થયેલ આવી જમીનો ગેરહક્કે, ગેરકાયદેસર રીતે કબજા ધારકો ઉપયોગ કરતા હતા જે જમીન સરકારને પરત લેવામાં ઘણા વર્ષો નિકળી જાય તેમ હોય તથા કોર્ટ લીટીગેશનનો કયારે અંત આવે તે કહી શકાય તેમ ના હોય સરકારને રેવન્યુની ઘણી મોટી ખોટ જતી હતી જે ભરપાઈ કરવા માટે સરકાર દ્વારા આવા દબાણો પ્રિમિયમ વસુલ કરી નિયમબધ્ધ કરવા માટે યુએલસી એકટ ૧૯૭૬ ની કલમ ૬૧ મુજબની નોટીસ કબજો ખાલી કરવા માટે કાઢેલ હોય તેવા અરજદારો દ્વારા પ્રિમિયમની મુકરર રકમ ભરપાઈ થયેથી આવી નોટીસ સરકાર દ્વારા પરત ખેંચી, કબજા હક્ક નિયમબધ્ધ કરવામાં આવશે જેનાથી ગુજરાતના ૭૦,૦૦૦ જેટલા પરિવારો કાયદેસર ઘરના માલીક, કબજેદાર ઠરશે અને સરકારને ૩૮,૮૮૩૭૪ ચો.મી.જમીન ઉપર ૨૫ ચો.મી.ના ૧૦ ટકા જયારે ૨૫૧ ચો.મી.થી વધુના દબાણ માટે ૧૦૦ ટકા જંત્રીની રકમ પ્રિમિયમ તરીકે મળશે જેનાથી ખૂબ જ મોટી રકમની રેવન્યુ જનરેટ થશે.

આ પ્રકારનો વટહુકમ અમલી બનતા સરકારે પ્રવર્તમાન જંત્રીના ભાવે ભોગવટાવાળી જમીનને કાયદેસરતા મળશે સદર જોગવાઈ મુજબ આવી જમીનનો ૧૫ વર્ષ સુધી ભોગવટો ભોગવટેદારે જાતે જ કરવાનો રહેશે અન્ય ત્રાહિતને ૧૫ વર્ષ સુધી આવી જમીન ઉપર બાંધેલ મકાન ઝુંપડા વેચાણ કે હક્ક હસ્તાંતર કરી શકાશે નહિ જો આવા વેચાણ કે હક્ક હસ્તાંતરના કેસો ધ્યાનમાં આવશે તો સરકાર દ્વારા શરત ભંગની અલગથી કાર્યવાહી કરવામાં આવશે.

ભોગવટેદાર દ્વારા સરકારશ્રીની જંત્રીની રકમ ચો.મી. જમીન લગત નક્કી કરેલ દરે ભરપાઈ કરવામાં આવતા આવી જમીન ઉપરના બાંધકામ નિયમબધ્ધ કરવામાં આવશે તેમજ યુએલસી એકટ ૧૯૭૬ ની જોગવાઈ મુજબ જમીન મહેસુલ અધિનિયમની કલમ ૬૧ મુજબ જે અસંખ્ય નોટીસ કાઢી પ્રકરણો શરૂ કરવામાં આવેલ છે તે સરકાર દ્વારા પરત ખેંચવામાં આવતા રેવન્યુ કેસનો જે ભરાવો થયેલ તેનો નિકાલ સુયોગ્ય રીતે થશે અને સરકારને વધારાની રેવન્યુની રકમ થતા સરકારી તિજોરી ભરાતા સરકાર વિકાસના અન્ય કામોમાં આવી રકમ વાપરી શકશે જેનાથી ગતિશિલ ગુજરાતના વિકાસમાં અનેરી ગતિ આવશે.

ભોગવટેદારે આવી જમીનમાં રહેણાંકની સાથે વાણિજય પ્રવૃત્તિ તથા વ્યવસાઈક પ્રવૃત્તિ કરેલ હશે તો સ્વરોજગારીની યોજના હેઠળ આવી પ્રવૃત્તિને પણ માન્યગણી કાયદેસર કરવામાં આવશે. પહેલા ઈન્કમટેક્ષ, સેલ્સ ટેક્ષા વિભાગ દ્વારા પાન ટીન નંબરો આવી ધંધાની જગ્યાએ ફાળવવામાં આવતા ન હોતા તે હવેથી મળશે અને આવા સ્વરોજગારી સંસ્થાના એકમની નોધણીમાં વધારો થશે.

વાણિજય અને ઔદ્યોગિક બાંધકામવાળી જમીનનોને કાયદેસર કરવામાં આવશે નહિ. ફકત રોજગારી કે વ્યવસાયના કેન્દ્રોને જ નિયમબધ્ધ કરવામાં આવશે ફકત રહેણાંકના ઉપયોગ ના હેતુ વાળી જમીનોની જ જંત્રીના ભાવે પ્રિમિયમ વસુલી નિયમબધ્ધ કરવામાં આવશે જે લગત અરજદારનો આવી જગ્યા ઉપર ૧૫ વર્ષ ઉપરાંતનો કબજો હોવો આવશ્યક છે હાલમાં રાજયના પાંચ મોટા શહેરોને આ યોજનાના લાભમાં સમાવેશ કરવામાં આવેલ છે ાવી જમીનમાં અત્યાર સુધી ૭-૧૨માં સરકારશ્રીનું નામ દાખલ થયેલ જે કબજેદાર દ્વારા જંત્રી મુજબ પ્રિમિયમ ભરપાઈ કરવાથી જમીન કબજેદાર માલીક ભોગવટેદાર તરીકે ૭-૧૨ માં નામ દાખલ કરી તેનું અલગથી આકારણી પત્રક સીટી સર્વે કચેરી દ્વારા ભોગવટેદારને આપવામાં આવશે લાખો ચો.મી. જમીનમાં ઉભા થયેલા ગેરકાયદેસરના બાંધકામને સરકારની આ યોજના દ્વારા નિયમબધ્ધ કરતા કરોડો રૂપિયાની રેવન્યુની આવક સરકારને થશે અને ભોગવટેદારને માલીકી હક્ક મળશે.

# હર પતંગ જાનતી હૈ, અંત મેં કચરે મેં જાના હૈ, લેકિન ઉસકે પહેલે હમે, આસામાન છૂ કર દિખાના હૈ



**WhatsApp ઑફ ધી વીક**
નેહલ ગઢવી

હર પતંગ જાનતી હૈ,
અંત મેં કચરે મેં જાના હૈ.
લેકિન ઉસકે પહેલે હમે,
આસામાન છૂ કર દિખાના હૈ

ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણનું પર્વ આપણે સૌએ ખૂબ જ ઉત્સાહપૂર્વક માણ્યું. જો કે બાળકો અને યુવાનો તો હજી પણ સાંજે-સાંજે સમય મળતાંની સાથે જ અગાશી પર પહોંચીને પતંગ ચગાવવાની મજા માણતા જ હશે. પણ સમગ્ર ગુજરાત રાજયમાં દરેકે-દરેક શહેરમાં ઉત્તારયણનો આ તહેવાર ઊજવાઈ રહ્યો હોય ત્યારે કેટકેટલા રંગબેરંગી પતંગોથી આકાશ કેવું રંગબેરંગી લાગવા લાગ્યું હોય છે. જીવનનું પણ કંઈક આવું જ છે ! દરેક વ્યક્તિ પોતાનો અંત જાણે જ છે. જેમ સારામાં સારો પતંગ જે હવામાં ખૂબ ઊંચે સુધી ચગ્યો હોય તેને પણ પતાના અંત વિશે જાણ હોય જ છે. દરેક વ્યક્તિના જીવનમાં કયારેક દસ વર્ષ, કયારેક પાંચ વર્ષ કે કયારેક એકાદ વર્ષની પછી પણ એવો સમય જરૂર આવે કે જયારે તે સફળતાનું સર્વોચ્ચ શિખર સર કરતો જણાય અથવા તેના દરેક સ્વપ્ન સાકાર થતા જણાય. પરંતુ, એ સમયે દોરીથી બંધાયેલા રહીએ એટલે કે પોતાના સંસ્કારો અને મૂળને પકડી રાખીએ તો કપાઈ જવાના કે અધ:પતનના ડરથી બચી શકાય. જીવન અંને મરણ કે કાળચક્રનો નિશ્ચિત ક્રમ છે અને એ જ પ્રમાણે જીવનમાં આવતા ઉતાર ચડાવ પણ નિર્ધારિત છે. પણ એકવાર જીવનમાં આસમાનને સ્પર્શ કર્યાનો આનંદ આખીયે જિંદગી જીવી જવા માટે પર્યાપ્ત હોય છે. સફળતા અને પ્રસિદ્ધિ આવે ત્યારે તેને આપણા પર હાવી ન થવા દઈએ અને સમતાથી વર્તીએ તો આપણે જીવનને સમાનભાવે જીવી શકીએ.

"વિખ્યાત થવું એ નથી કોઈ શોભનીય ઘટના,
નહીં બનાવે એ આપણને ગૌરવાન્વિત.
નિરર્થક છે સંગ્રહસ્તાન રચવાં,
અને તૂત છે કીર્તિગાંથાઓ રચવાની પ્રવૃત્તિ.
સર્જકતાને જોઈતી નથી બુલંદ અને સસ્તી લોકપ્રિયતા,
એ તો માગે છે સ્વાર્પણ.
ને લ્યાનત હજો એ અજ્ઞાની અપકૃત્ય કરનારા પર
ગાવા દે જે બીજાઓને તેનાં પોતાનાં ગુણગાન...
તમારા એક એક પગલાંનું પગેરું શોધીને
તમારા જીવન માર્ગે પાછળ પડશે બીજાઓ;
પણ દેખાડશો ના ભેદ
તમારા વિજય કે પરાજયના.
અને ન વળશો પાછા જરાય
કે ન ડૂકશો તેમનો સામનો કરવામાં;
પણ રહેજો જીવંત તમારે ભાગે આવેલા જીવન સુધી,
રહેજો જીવંત અંત ન આવે ત્યાં સુધી.
-બોરિસ પાસ્તરનાક (અનુ. મહેશ દવે)

જીવનરૂપી નભમાં આવી રંગબેરંગી પતંગ સમાન ક્ષણો હોવાની અને આખુંયે નભ ખાલીખમ હોય એવી નિરસ ક્ષણ પણ હોવાની. વર્ષો વીતતા ગયા અને તેની સાથે તહેવારો ઊજવવાની રીત પણ બદલાતી ગઈ પણ આજે પણ એ ઉત્સાહ અકબંધ રહ્યો છે. સાથે મળીને તહેવારોની ઉજવણી અને તે જ રીતે કપરા સમયમાં પણ મનગમતા વ્યક્તિઓનો સાથ અને સહકાર આજે પણ આપણે સૌ પામી શકી છીએ તે આપણું સદ્‌ભાગ્ય છે. લોકો સ્વાર્થી બનતા જાય છે કે સ્વકેન્દ્રી બનીને ગ્રુપ ફોટોના બદલે સેલ્ફી લેતા થયા છે એવી ફરિયાદો જયારે ચોમેર સંભળાઈ રહી છે ત્યારે એ માત્ર એક સામાજિક બદલાવ હોઈ શકે પરંતુ સંવેદનશીલતા હજુ પણ મરી પરવાની નથી એવું આપણે સૌ અનુભવીએ જ છીએ. ઉત્તરાયણ એ નવા વર્ષના શુભારંભ સમો પ્રથમ તહેવાર હોય છે અને એનું આપણે સૌ દબદભાભેર સ્વાગત પણ કરીએ છીએ માટે જ કોઈએ ખરું જ કહ્યું છે કે,

'પતંગનો ઓચ્છવ
એ બીજું કંઈ નથી, પણ
મનુષ્યના ઉમળકાઓનો છે
ઘૂઘવતો વૈભવ !'

પતંગ એ નભ જેવા નભને પણ નીચે આવીને હળવાફૂલ થવાનો સંદેશો પાઠવી જાય છે. ઉત્સવના આ રંગમાં રંગાઈ જવાનું આભનુંયે મન તો થતું જ હશે ને! તેને પતંગનું નિમંત્રણ મળતું હશે કે હે આભ ! તું નીચે આવીને ઉમળકો અને જુવાની શું છે એ ચાખી તો જો. લાગણી, પ્રેમ, અને હૃદયના ભાવોને અનુભવી તો જો! તું એકલું અટૂલું સૂનકાર બેસી રહે છે તને મન નથી થતું એક રંગબેરંગી પતંગ બનવાનું કે એક જીવંત સંબંધ બનવાનું કે કોઈની લાગણીની ભીનાશ અનુભવવાનું? આપણે જીવનપર્યંત સારા નરસા પતંગરૂપી પ્રયત્નો કરતાં જ રહીએ છીએ. કોઈ પતંગ સારો અને ઊંચો ઉડે છે તો કોઈ પળવારમાં જ કપાઈ જાય છે કોઈ ટેલિફોનના વાયરના ગૂંચળામાં તો કોઈ વૃક્ષમાં ભરાઈ જાય છે અને તે જ રીતે જીવનના નવા-નવા પ્રયત્નોમાં પણ અડચણો તો આવ્યા જ કરે છે પણ આપણે હાર નથી માનતા. નવા પતંગ સાથે યોગ્ય પવનનો અને યોગ્ય દિશાનો અભ્યાસ કરીને ફરીથી તેને સફળતાપૂર્વક ચગાવવાનો પ્રયત્ન કરીએ છીએ. ઉત્તરાયણના આ પર્વથી વર્ષની રંગબેરંગી શુભ શરુઆત આપણને સાચા અર્થમાં જીવન જીવવાની કળા શીખવી જાય છે.

'ફળ, ફૂલ, પાંદડા નથી તો પણ પ્રસંગ છે,
જે વૃક્ષ પર કપાઈને આવ્યો પતંગ છે.'
- ભાવિન ગોપાણી

Last Seen :

હમણાં પવન આવશે...
ની આશામાં...
કેટલાંય પતંગો
ઉડ્યા વગરનાં પડી રહ્યાં છે...
આ... મનની અગાશી પર...

**- વિજય દેસાઈ**

**- nehalgadhavi101@gmail.com**

# ભારતના રાષ્ટ્રનાયક : મહારાણા પ્રતાપ



**અતિતની આજ**
ડૉ. હરિ દેસાઈ

મહારાણા પ્રતાપ (૯ મે ૧૫૪૦ - ૨૯ જાન્યુઆરી ૧૫૯૭)નું ભારતીય ઈતિહાસમાં આગવું સ્થાન છે.બાહોશ અને પ્રજાવત્સલ રાજવી ક્યારેય મુઘલ બાદશાહ અકબરને તાબે ના થયો. સિસોદિયા રાજપૂત વંશનું નામ ઉજ્જવળ બનાવનાર મહારાણા પ્રતાપ આખું આયખું મુઘલ સામે જંગ લડતો રહ્યો, પણ નમ્યો નહીં. મેવાડ અને ચિત્તોડની ઉજ્જવળ પરંપરા સ્થાપનાર ઉદયપુર (અત્યારના રાજસ્થાનમાં)રાજ્યના મહારાણા જ નહીં, એમના વંશજોએ પણ પોતાની રાજકુમારીઓ મુઘલો સાથે પરણાવી નહીં એટલે રાજપૂત રાજવીઓમાં એમનું નામ કાયમ આદરથી લેવાય છે. રાજપૂતાનાના અન્ય રાજપૂત રાજવીઓએ મુઘલ બાદશાહોને દીકરીઓ દીધી અને રાજકીય જોડાણ કર્યાં હતાં. રાણા આ બધામાં નોખો હતો. બાદશાહ અકબર પણ જીવતેજીવ પોતાને વશ ના થયેલા પ્રતાપના મૃત્યુના સમાચાર સાંભળીને રડી પડ્યો હતો. એટલો મહારાણાના જાની દુશ્મનને એમના માટે આદર હતો.

પ્રતાપના પિતા મહારાણા ઉદયસિંહનું ૧૫૭૨માં ૨૮મી ફેબ્રુઆરીએ નિધન થયું ત્યારે એમના ઉત્તરાધિકારી તરીકે સૌથી મોટા પુત્ર પ્રતાપને બદલે ઉદયસિંહની વીસ પત્નીઓમાંથી એમના પર કામણનો જાદુ કરનાર ધીરકંવર ભટયાણીના કુંવર જગમાલને નક્કી કરી રખાયો હતો. પ્રતાપનાં માતા જૈવન્તાબાઈ (જીવતકંવર)નું તો મૃત્યુ થઈ ચુક્યું હતું. રાજવી પરંપરા હતી કે જે મહારાણાનો ઉત્તરાધિકારી થાય તે એમના અંતિમ સંસ્કાર માટે સ્મશાને જાય નહીં. મેવાડના સરદારોએ પ્રતાપને મહારાણાના અંતિમ સંસ્કારમાં આવેલો જોયો અને જગમાલ દેખાયો નહીં. એ તો ગાદી પર બેઠો હતો. મેવાડની પરંપરામાં રાજાના સરદારોનું મહાત્મ્ય સવિશેષ. તેમણે જગમાલને ગાદીએથી ઊઠાડી મૂક્યો અને પ્રતાપનું વિધિવત્ રાજતિલક કરીને એને મહારાણા જાહેર કર્યો.

ઉદયસિંહની ૨૦ પત્નીઓ (રાણીઓ) અને ૨૪ રાજકુમારો તેમજ ૨૦ રાજકુમારીઓમાંથી મહારાણાની જવાબદારી પ્રતાપને શિરે આવી. પ્રતાપ રાજવી થતાં જગમાલ અને તેનો ભાઈ સાગર મેવાડ છોડીને મુઘલોની સેવામાં જતા રહ્યા. બાદશાહ અકબરે શિરોહીના જમાઈ એવા જગમાલને સિરોહીનો રાજા નિયુક્ત કર્યો કારણ સિરોહીના રાજા માનસિંહનું ૧૫૭૧માં જ મૃત્યુ થયું હતું. સાગર પણ અકબરના પુત્ર બાદશાહ જહાંગીરનો કૃપાપાત્ર રહ્યો. પૅલેસ વોર એટલે કે ઘર ફૂટ્યે ઘર જાય, એ પરંપરા મુજબ પ્રતાપના

- મુઘલોને દીકરીઓ પરણાવવાની રાજપૂત રાજાઓની હોડમાં મેવાડ જ અપવાદ
- હલ્દીઘાટીના યુદ્ધમાં પ્રતાપનો પ્રિય ઘોડો ચેતક મરાયો, હકીકતમાં એ ઘોડી હતી
- હલ્દીઘાટીનું યુદ્ધ હલ્દીઘાટીમાં નહીં, ખમનૌર અને ઘાટી વચ્ચેના મેદાનમાં લડાયું હતું
- પ્રતાપ ૧૬ રાણીઓ અને ૧૭ કુંવરો તેમજ પાંચ કુંવરીઓ સહિત જંગલમાં સુખે રહેતા હતા
- મેવાડ અને મુઘલ વચ્ચેના સંઘર્ષને હિંદુ –મુસ્લિમ સંઘર્ષ ગણાવી શકાય નહીં

ભાઈઓ જ મુઘલ બાદશાહો સાથે ભળી જઈને મેવાડને કનડવામાં સહયોગ કરતા રહ્યા, પણ નામ જેનું પ્રતાપ, એણે વનવાસ ભોગવીને પણ અકબરને શરણ જવાનું આજીવન નકાર્યું. ક્યારેક પ્રતાપની ૧૬ રાણીઓ અને ૧૭ રાજકુમારો તેમજ પાંચ રાજકુમારીઓમાંથી સૌથી મોટા પુત્ર અમરસિંહને અમુક સમય 'જામીન' તરીકે મુઘલ દરબારમાં રાખવો પડ્યો, પણ વ્યૂહાત્મક સમજૂતીઓના ઘટનાક્રમનો એ હિસ્સો હતો. જોકે ડૉ.ગૌરીશંકર હીરાચંદ ઓઝા નામના ઈતિહાસકાર આ ઘટનાને સાચી ગણતા નથી .તેમણે ૧૯૨૮માં પ્રકાશિત પોતાના પુસ્તક "વીર શિરોમણિ મહારાણા પ્રતાપ"માં નોંધ્યું છે : "બાદશાહ જહાંગીર સાથે મહારાણા અમરસિંહ નું સમાધાન થતાં તેણે પોતાના જેષ્ઠ પુત્ર કુંવર કરણસિંહને બાદશાહના દરબારમાં મોકલ્યો હતો. મોતને બિછાનેથી પ્રતાપને પોતાના પાટવીકુંવર અમરસિંહને ગાદી સોંપતાં એની નબળાઈઓનો અંદાજ હતો એટલે નિષ્ઠાવંત સરદારોની હાજરીમાં એને પ્રતિજ્ઞા લેવડાવી હતી કે એ તુર્કોથી દેશનું રક્ષણ કરશે. આ એ જ અમરસિંહ જેણે ક્યારેક અત્યારના ઉત્તર ગુજરાતના વડનગર (વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું વતન)ને લૂંટ્યું હતું. એ સમયે વડનગર ખૂબ સમૃદ્ધ આનંદપુર નગર ગણાતું હતું. દેશ-વિદેશના હિંદુ-મુસ્લિમ કે બ્રિટિશ શાસકોને સારા વહીવટકર્તા પૂરા પાડનાર આ વડનગર પરથી જ એ વહીવટકર્તા વડનગરા નાગર ગણાયા છે. જોકે અત્યારે વડનગરમાં એકપણ વડનગરા નાગર બ્રાહ્મણ પરિવાર વસતો નથી, પરંતુ અહીંનું હાટકેશનું મંદિર દુનિયાભરના વડનગરા નાગરોનું આસ્થાસ્થાન છે. ગુજરાત સાથે મેવાડના મહારાણાઓનો સંબધ જૂનો રહ્યો હતો. પ્રતાપના પૂર્વજ મહારાણા કુંભાના સમયથી ગુજરાત-મેવાડના સંઘર્ષની શરૂઆત થઈ હતી.ગુજરાત અને માળવાના સુલતાનો સાથે મહારાણા સાંગાનો સંઘર્ષ પણ રહ્યો.એનું વિસ્તૃત વર્ણન પ્રા.આર.પી.વ્યાસલિખિત અને રાજસ્થાન હિન્દી ગ્રંથ અકાદમી દ્વારા પ્રકાશિત "મહારાણા પ્રતાપ"માં કરવામાં આવ્યું છે.

મેવાડના રાજવીઓ કુળદેવતા એકલિંગજી મહાદેવને નામે, એમના દીવાન તરીકે, રાજ કરતા રહ્યા છે.મેવાડના શાસક શિવપંથી હોવા છતાં એમના શાસનમાં શૈવ, વૈષ્ણવ જ નહીં, મુસ્લિમ, જૈન સહિતના અન્ય ધર્મો ભણી પણ ઉદારનીતિ અપનાવાતી હતી. મહારાણાના વિશ્વાસુ સરદારોમાં મુસ્લિમ અને પઠાણ પણ હતા. સામે પક્ષે અકબરની સેના રાજા માનસિંહના નેતૃત્વમાં લડતી હતી. આ બાજુ, પ્રતાપના વિશ્વાસુ સરદાર તરીકે અડધી સેનાનું નેતૃત્વ મુસ્લિમ સરદાર હકીમખાં સૂર કરી રહ્યા હતા.રાજસ્થાન સરકારે પ્રકાશિત કરાવેલા ઈતિહાસ મુજબ, આ યુદ્ધ ભલે હલ્દીઘાટીનું ગણાતું હોય પણ એ હલ્દીઘાટીમાં નહીં, પણ આ ઘાટીના પ્રવેશ બહાર ખમનૌર અને ઘાટીના દ્વાર વચ્ચેના મેદાનમાં લડાયું હતું. હલ્દીઘાટીના યુદ્ધમાં પ્રતાપનો પ્રિય ઘોડો ચેતક મરાયો. હકીકતમાં એ ઘોડી હતી,એવું મહારાણા મેવાડના હકીમ પરિવારના વંશજ અને પત્રકારશિરોમણિ મુઝફ્ફર હુસૈનનું અધિકૃતપણે કહેવું છે.

મહારાણા પ્રતાપ હલ્દીઘાટીના યુદ્ધમાં અકબરની સેના સામે હાર્યા. પણ શરણાગતિ સ્વીકારવાને બદલે મુઘલ સેનાને માટે આતંકના પર્યાય

**અનુસંધાન પાના નં. ૭ પર**